<u>ક્રિ.ઈન્કવાયરી નં.26—2022</u>

## :: આંક—૦૧ નીચે હુકમ ::

(૧) સદર કામે ફરીયાદીએ આંક—૦૧ થી અરજી રજુ રાખેલ છે. જે અરજીની હકીકત જોવામાં આવે તો ફરીયાદી મોજે ગામ ઉઢેલામાં વર્ષોથી વસવાટ કરીએ છીએ તા.૦૧/૧૦/૨૦૨૨ના રોજ ભવાની પુરા રોડના ખાતમુરતના હેતુસર આ કામના આરોપી ઈંદ્રવદન મણીભાઈ પટેલ તથા શૈલેષબાઈ છોટાભાઈ સોલંકી તથા દીલીપભાઈ ડાહ્યાભાઈ પટેલનાઓ રસ્તાના ખાદમુરતના નેજા હેઠળ કેસરીસિંહ સોલંકી માતર ધારાસભ્ય બહાર ગામના આગેવાન કીરીટબાઇ બારોટ રઢુ ગામના છે તેમજ ઉઢેળા ગામના સભ્ય પ્રકાસભાઈ ભોઈ,પ્રિતેશબાઈ ઉર્ફે પિન્ટુભાઇ કીરીટભાઈ પટેલ,દીલીપભાઈ ડાહ્યાભાઈ પટેલ, પુનમભાઈ ઉમેદભાઈ સીસોદીયાનાઓએ ભેગા થઇ સરપંચશ્રીના મકાને હવન બાદ એક સીક્રેટ મીટીંગમાં પુર્વ આયોજીત ગુનાહીત કાવતરૂ રચી આઠમાં નોરતે તા.૦૩/૧૦/૨૦૨૨ના રોજ મસ્જિદ ચોકમાં (હુશેની ચોક) ગરબા રમવાનું આયોજન કરેલ હતું આ અગાઉ વર્ષોથી એક સમુદાય દ્વારા તેમના વિસ્તાર જેવા કે ગગજીની ખડકી તથા મુખીની ખડકીમાં ગરબાનું આયોજન કરવામાં આવતુ હતું કયારેય આ મસ્જિદ ચોકમા આજ દીન સુધી (૭૦) સીત્તેર વર્ષમાં કયારેય ગરબાનુ આયોજન નવરાત્રી દરમીયાન કરવામાં આવતુ ન હતુ પરંતુ પુર્વ આયોજીત કાવતરાના ભાગ રૂપે સરપંચ દ્વારા મસ્જિદ ચોકને ગરબાના આયોજન માટે પસંદગી કરવામાં આવેલ જેથી કરીને ગામમાં કોમી વાતાવરણ સહેલાઈથી ડોહળી શકાય અને તેમના નાકામ ઈરાદામાં તેઓ સફળ થાય જે અંગે મુસ્લીમ સમાજને જાણ થતા આગેવાન લોકોએ સરપંચશ્રીને રજુઆતો પણ કરેલ પરંતુ સરપંચ દ્વારા તેમની વિરૂધ્ધમાં પંચાયતના તમામ સભ્યો હોય અને તેઓએ અને ડેપ્યુટી સરપંચ દ્વારા આ તમામ સભ્યોની સહીઓ લઈ માતર તાલુકા વિકાસ

અધિકારી સમક્ષ અરજી કરેલ અને ત્યાર બાદ આ તમામ સભ્યો દ્રારા અવિસ્વાની દરખાસ્ત લાવવાની તૈયારીઓ હતી પરંતુ એક વર્ષની સમય મર્યાદાનો બાધ આવતો હોવાથી તે અરજી કરેલ નહી જેની તમામ જાણ સરપંચને થતા તેઓ દ્રારા આ હાલનો પુર્વ આયોજીત કાવતરાનુ આયોજન કરવામાં આવેલ જેથી કરીને ગામમાં સહેલાઈથી હિન્દુ મુસ્લીમ વચ્ચે વયમનસ્ય ફેલાવવા અને હિન્દુ સમાજના પંચાયતના સભ્યોને તેઓની તરફેણમાં લઈ શકાય તે હેતુસર આ મસ્જિદ ચોક(હુશેની ચોક)ની ગરબાની પસંદગી કરવામાં આવેલ. ત્યાર બાદ તા.૦૩/૧૦/૨૦૨૨ના રોજ પુર્વ આયોજીત કાવતરાના ભાગ રૂપે ત્યા ગરબા રમવાના રાત્રીના ૮:૩૦ વાગેથી શરૂઆત કરેલ હતી અને ત્યાર બાદ કેસરીસિંહ સોલંકી ચાલુ ધારાસભ્ય તથા કીરીટબાઇ બારોટ રઢુવાળા તથા અજીતસિંહ બાપુ,મેહુલ સીપ્લા,ભરતભાઈ કાંસકીયા દુબઇ રીર્ટન વિગેરનાઓ રાત્રીના અગીયાર વાગેની આસપાસ તેઓ મસ્જિદ ચોક(હુશેની ચોક)માં પોતાની ખાનગી ગાડીઓ લઇને આવતા લોકો એકદમ ચીકચારીઓ પાડવા માડેલ અને ગુલાલ ઉડાડવા લાગેલા અને મસ્જિદ ઉપર પણ ગુલાલ નાખવા લાગેલા ત્યારે અમો ફરીયાદી તથા ગામના આગેવાનો જહીરમીયા, સુબામીયા, આરીફમીયા, ઐયુબમીયા, સાબીરમીયા સૈયદમીયા સૈયદનાઓએ આમ ના કરવા જણાવતા ઇંદ્રવદન મણીભાઈ પટેલ, શૈલેષબાઈ, પ્રિતેશબાઈ કીરીટબાઈ પટેલ ઉર્ફે પિન્ટુ, તથા બહારથી આવેલા આગેવાનો અને ધારાસભ્ય કહેવા લાગેલા કે " આ બાડીયાઓને મારી ને સીધા કરી દો અને મારી નાખો તમો પોલીસ કે કોર્ટ કાર્યવાહીથી કે કોઈથી બીજો નહી અમો છીએ તમારો કોઈ વાળ પણ વાડુ નહી કરી શકે અને ગમે તેટલો ખર્ચ થશે અમો તમારી પાછળ કરીશુ આજે એક્ય બોડીયાઓને બાકી મુક્તા નહી અને પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા જાય તો પોલીસ સ્ટેશનમાં પણ અમો કહી દઈશુ કોઈ ફરીયાદ તમારી વિરૂધ્ધ લેવાના નથી અને જો ફરીયાદ કરવા જશે તો ગામ વચ્ચે લાવીને માર

મરાવીશુ તેવી વાત ડી.વાય.એસ.પી તથા એલ.સી.બી પી આઈ સાથે થઈ ગયેલ છે." તેમ કહી ઉશકેરણીઓ કરી જય શ્રીરામના નારા મારવા લાગેલા અને આ કામના આરોપીઓની પુર્વ આયોજીત કાવતરા મુજબ હિન્દુ-મુસ્લીમ વાતાવરણ ડોહળતા હિન્દુ સમાજના લોકો હાથમાં તલવારો, લાકડીયો, લઈ મુસ્લીમ સમાજના છોકરાઓને મારવા દોડેલા અને પથ્થર મારો કરવા લાગેલા જે સમયે મુસ્લીમ લોકોને ગંભીર ઈજાઓ કરવામાં આવેલ. ત્યાર બાદ આ કામના આરોપીઓને તેમના પુર્વ આયોજીત કાવતરા મુજબ એલ.સી.બી, એસ.ઓ.જી, ડી.વાય.એસ.પી, ડી.એસ.પી, માતર પી.એસ.આઈ વિગેરે પોલીસને બોલવી અને મુસ્લીમ વિસ્તારને ચારે બાજુથી કોર્ડન કરી મુસ્લીમ એરીયામાં ઘરોમાં ગેરકાયદેસર રીતે ઘુસી જઇ લાકડીયો મારી નુકશાન કરી મુસ્લીમ સમાજના ઘરોમા ગેરકાયદેસર રીતે ઘુસી તા.૦૪/૧૦/૨૦૨૨ના રોજ રાત્રીના સમયે સુઇ રહેલા (૪૦) લોકોને ગેરકાયદેસર રીતે ઘરોમાંથી ઘુસી જઈ તા.૦૪/૧૦/૨૦૨૨ના રોજ રાત્રીના આશરે ૨:૩૦ થી ૩:૩૦ના અરસામાં પોલીસે બળજબરી પુર્વક ઉઠાવીને મારતા મારતા મસ્જીદ ચોકમાં લાવેલા તે સમયે એલ.સી.બી પી.આઈ એ.વી.પરમાર તથા એલ.સી.બી પી.એસ.આઈ તથા એલ.સી.બી સ્ટાફના માણસો કોઈપણ સ્ત્રી પોલીસની હાજરી સીવાય મકસુદાબાનુ સોક્તમીયા મલેક તથા તેમના દિકરા સહેજાદમીયા સોક્તમીયા મલેકનાઓને ને પણ મસ્જીદ ચોકમાં લાવેલા જયાં એસ.પી, ડી.વાય.એસ.પી, તથા માતરના ધારાસભ્ય તથા એસ.ઓ.જી, એલ.સી.બી પોલીસ, માતર પી.એસ.આઈ તથા અન્ય પોલીસ કર્મીઓ તેમજ કેસરિસિંહ ધારાસભ્ય તથા ઉઢેલા ગામના સરપંચ તથા માતર તાલુકા પંચાયતના સભ્ય તથા બહારથી આવેલા આગેવાનોની હાજરીમાં ગેરકાયદેસર રીતે સરકારી ગાડીઓમાં નાખી તમામને ગોંધી રાખી કીડનેપ કરી એસ.પી.સાહેબ તથા ડી.વાય.એસ.પી સાહેબના આદેશથી રધવાણજ ગામ થઈ નેશનલ હાઈવે ઉપર થઇ ટોલ ટેકસ

પાસ કરી એસ.ઓ.જી. ઓફિસે નડીયાદ ખાતે લઈ જઈ તમામને ગેરકાયદેસર રીતે એસ.ઓ.જી ઓફિસમાં ગોંધી રાખેલા અને પોલીસ દ્રારા મુસ્લીમ સમાજના ઘરોમાં મોટા પાયે નુકશાન કરવામાં આવેલ તેમજ મન ફાવે તે રીતે ગાળો બોલી સ્ત્રીઓને ગુપ્ત ભાગે ડંડાના ગોદાઓ મારેલા અને તમામ કીડનેપ કરેલ ઇસમોને એસ.ઓ.જી, ઓફિસ લઇ ગયેલા અને એસ.ઓ.જી ઓફિસમાં ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલા. ત્યાર બાદ બીજા દિવસે બાર થી એક વાગ્યાના સમય ગાળા દરમિયાન એસ.ઓ.જી ઓફિસેથી ગેરકાયદેસર રીતે ગોંધી રાખવામાં આવેલ ઇસમો પૈકી દસ જેવા ઇસમો (૧) જહીરમીયા રહેમુમીયા મલેક, (૨) સહેજાદમીયા સોકતમીયા, (૩) સાહીદરજા સાબીરૂદ્દિન મલેક, (૪) મોહંમદ મોઈન ઈદ્રીસમીયા મલેક (૫) લતીફમીયા જહીરમીયા,(૬) સકીલમીયા જહાગીરમીયા,(૭) મહંમદ સરીફ ઉર્ફે રાજુ કાલુમીયા મલેક, (૮) આરીફમીયા સુબામીયા, (૯) સાકીરમીયા ઉર્ફે સાદીકમિયા સજજાદમીયા મલેકને (૧૦) સદ્દામહુસેન સીદ્દીકમીયા મલેકનાઓને બીજા દિવસે એસ.ઓ.જી ઓફિસેથી ટોલ ગેટ ઉપર થઈ નેશનલ હાઇવેથી ત્રણ કીલોમીટર અંદર ઉઢેલા ગામમાં તા.૦૪/૧૦/૨૦૨૨ના રોજ ગામના ચોકમાં લાવેલ અને ત્યાર બાદ ગામના એક સમુદાયને ભેગુ કરવામાં આવેલ અને કીડનેપ કરેલા ઇસમોને સરકારી વાહનમાથી એક પછી એક ઉતારી ગામના ચોકમાં ઇલેક્ટ્રીક પોલ સાથે બાથ ભીડાવી પોલીસ આરોપી દ્રારા પકડી રાખી પોલીસ અધિકારીઓ (આરોપીઓ) દ્રારા ડંડા મારવામાં આવતા હતા અને વારફરતી સરકારી ગાડીમાં માર મારી બેસાડવામાં આવેતા હતા આ સમયે પોલીસ કર્મચારીઓ દ્રારા વીડીયો ઉતારવામાં આવતો હતો જેમાં એક પોલીસ કર્મી નામે જયેશ રબારી એલ.સી.બી કોન્સ્ટેબલ દ્રારા પણ વીડીયો ઉતારવામાં આવેલ અને તે વખતે એલ.સી.બી પી.આઈ એવી પરમારનાઓ બોલતા હતા કે વીડીયો ઉતારો અને વાયરલ કરો તે સમયે આરોપીઓના પુર્વ આયોજી કાવતરાના ભાગ રૂપે જાહેરમાં

ગામના એક સમુદાય લોકોને ભેગા કરી થાભલા સાથે બાથ ભરાવી માર મારવામાં આવેલ અને જે અંગે અનેક લોકો તથા પોલીસ કર્મચારીઓએ વીડીયો રેકોર્ડ કરેલ અને શોશ્યલ મીડીયા પર વાયરલ કરવામાં આવેલ અને આ માર મારવાની અઘડીત ઘટના ચાલુ હતી તે સમયે આ કામના આરોપી એસ.પી, તથા ડી.વાય.એસ.પી ઉઢેલા ગામથી સાત કીલો મીટર દુર માતર પોલીસ સ્ટેશનને હાજર હતા તેમને સમગ્ર ગટનાની આગેવાનો દ્રારા જાણ કરવામાં આવેલ. આ કામના આરોપીઓના પુર્વ આયોજીત કાવતરાના ભાગ રૂપે પોલીસે તા.૪/૧૦/૨૦૨૨ના રોજ રાત્રીના કીડનેપ કરેલ ૪૦ ઇસમો પૈકી કેટલાક ઇસમોને પોલીસ દ્રારા બીજા દિવસે ૨૨ ઇસમોને તા.૦૪/૧૦/૨૦૨૨ના રોજ સાંજે ૭:૦૦ કલાકે છોડી મુકવામાં આવેલ અને તે પૈકી તા.૦૪/૧૦/૨૦૨૨ના રોજ રાત્રીના કીડનેપ કરવામાં આવેલ અને ગેરકાયદેસર રીતે એસ.ઓ.જી. પોલીસે સ્ટેશનમાં ગોંધી રાખેલ ૧૮ ઇસમોને તા.૦૪/૧૦/૨૦૨૨ના રોજ રાત્રીના કીડનેપ કરેલ હોય તેમ છતા ગેરકાયદેસર રીતે એરસ્ટ મેમામાં તા.૦૪/૧૦/૨૦૨૨ના રોજ કલાક ૨૧:૧૫ સમયે અટક બતાવી નામદાર કોર્ટમાં તા.૦૫/૧૦/૨૦૨૨ના રોજ કલાક ૧૪:૧૫ વાગે રજુ કરતા પહેલા એક જુથ થઇ પુર્વ કાવતરાના ભાગ રૂપે માતર પી.એસ.આઇ, તેમજ એસ.ઓ.જી પી.એસ.આઇ, એસ.ઓ.જી પી.આઇ, તથા અન્ય પોલીસ કર્મીઓની હાજરીમાં માતર પોલીસ સ્ટેશનની બહાર તેમજ માતર સીવીલ કોર્ટના ગેટ આગળ આ કામના આરોપી કેસરીસિંહ સોલંકી માતર ધારાસભ્ય બહાર ગામના આગેવાન અજીતસિંહ બાપુ, મહુલ સીપ્લા, અર્જુનભાઈ પાણસોલી વાળા, રમતુભાઈ તથા માતર પોલીસ સ્ટેશનનના તથા નામદાર માતર સીવીલ કોર્ટના સી.સી.ટી.વી ફુટેજમાં દેખાતા અન્ય બસો ૨૦૦ જેટલા એક સમુદાયનુ ટોળુ ભેગુ કરી માતર પોલીસ સ્ટેશનની બહાર તેમજ નામદાર કોર્ટની સામે ગેરકાયદેસર મંડળી રચી તેમનો બદ ઇરાદો પાર પાડવાના હેતુસર

પોલીસ સ્ટેશનની બહાર તથા કોર્ટના ગેટ ઉપર હલ્લા બોલ કરેલ તેમજ સુત્રોચાર કરી કહેતા હતા કે આ લોકોને અમોને સોંપી દો કોર્ટમાં રજુ કરવાની જરૂર નથી તેમ કહી જાનથી મારી નાખો તેવા સુત્રોચાર કરવા લાગેલા તે સમયે હાજર પોલીસ કર્મીઓ માફી માંગવા લાગેલ અને પકડેલ ઇસમોને નામદાર કોર્ટમાં રજુ કરતા પકડાયેલા ઇસમો પૈકી જહીરમીયા રહેમુમીયા મલેક, સાહીદરઝા સાબીરૂદ્દિન મલેક, તથા સદ્દામહુશેન સીદ્દીકમીયા મલેકનાઓએ પોલીસ વિરૂધ્ધ ફરીયાદો આપેલ જે અંગે નામદાર કોર્ટે નિવેદનો નોંધી લઇ મેડીકલ ચેકઅપમાં મોકલી આપેલ અને અન્ય બાકીના ઇસમોએ પોલીસ કસ્ટડીમાં ધાક ધમકી આપવામાં આવેલ હોય તેમની ધમકીથી બીકના કારણે પોલીસ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ફરીયાદ કરેલ નહી. ત્યાર બાદ આરોપીઓ પોલીસ તથા રાજકીય માણસોએ તેમના પુર્વ આયોજીત કાવતરાના ભાગ રૂપે તા.૦૪/૧૦/૨૦૨૨ ના રોજ રાત્રીના કલાક ૨:૩૦ થી ૩:૩૦ના અરસામાં પોલીસે ગેરકાયદેસર કીડનેપ કરેલ હોવા છતા કીડનેપ કરલ ઇસમો પૈકી પાંચ ઇસમોને નામદાર કોર્ટમાં રજુ કરેલ નહી અને ગેરકાયદેસર રીતે પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખી તા.૦૫/૧૦/૨૦૨૨ના રોજ કલાક ૨૧:૧૫ વાગે અટક બતાવી નામદાર કોર્ટમાં તા.૦૬/૧૦/૨૦૨૨ના રોજ કલાક ૧૭:૦૦ વાગે રજુ કરતા નામદાર કોર્ટમાં પોલીસ દ્રારા પકડેલ ઇસમોએ પોલીસ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં પોલીસે માર મારેલની હકીકતો કપડા ઉતારી બતાવેલ અને ગેરકાયદેસર રીતે અટકમાં રાખેલ હોવાની પણ હકીકતો જણાવેલ જેથી નામદાર કોર્ટે પકડાયેલા ઇસમોને વધુ માર મારેલ હોય મેડીકલ સારવાર માટે મોકલી આપેલા અને તમામનો જવાબ રેકર્ડ કરેલ છે. આ કામના આરોપીઓએ તેમના પુર્વ આયોજીત કાવતરા રૂપે મોજે ગામ ઉંઢેલા મુકામે ઝગડો કરાવી ૪૦ ચાલીસ ઇસમોની તા.૦૪/૧૦/૨૦૨૨ના રોજ રાત્રીના ૨:૩૦ થી ૩:૩૦ના અરસામાં કીડનેપ કરી તેમાથી ૨૨ ઇસમોને

તા.૦૪/૧૦/૨૦૨૨ ના રોજ સાંજે કલાક ૭:૦૦ વાગે છોડી મુકી અન્ય ઇસમો પૈકી નવ જેટલા ઇસમોને એસ.ઓ.જી ઓફિસે ગોંધી રાખેલ હોય તેઓને એસ.ઓ.જી નડીયાદ ઓફસથી માતર પોલીસ સ્ટેશને લાવવાના બદલે ત્રણ કિલો મીટર રધવાણજ ચોકડીથી અંદર ઉઢેલા ગામમાં પુર્વ આયોજીત કાવતરાના ભાગ રૂપે ડી.એસ.પી નડીયાદ, તથા ડી.વાય.એસ.પી નડીયાદ તથા ઇદ્રવદન મણીભાઈ પટેલ તથા શૈલેષબાઈ છોટાભાઈ સોલંકી,દીલીપભાઈ ડાહ્યાભાઈ પટેલ, કેસરીસિંહ સોલંકી માતર ધારાસભ્ય બહાર ગામના આગેવાન કીરીટબાઇ બારોટ રઢુ ગામના છે તેમજ ઉઢેળા ગામના સભ્ય પ્રકાસભાઈ ભોઈ, પ્રિતેશબાઇ ઉર્ફે પિન્ટુભાઇ કીરીટભાઈ પટેલ, દીલીપભાઈ ડાહ્યાભાઈ પટેલ, પુનમભાઈ ઉમેદભાઈ સીસોદીયાનાઓના પુર્વ આયોજીત કાવતરાના ભાગ રૂપે ઉઢેલા ગામમા લઈ જઈ ગામની વચ્ચે ગામના એક સમુદાયના લોકોને ભેગા કરી નવ જેટલા ઇસમોને માર મારી એક સમુદાય સામે જાહેરમાં માફી મંગાવી ઉઢેલા ગામથી તા.૦૪/૧૦/૨૦૨૨ના રોજ રાત્રીના ગેરકાયદેસર રીતે કીડનેપ કરી નડીયાદ એસ.ઓ.જી તથા અન્ય પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખી માર મારી ગુનો કરેલ છે આ તમામ પોલીસ કર્મીઓ દ્રારા આચરવામાં આવેલ આ કૃત્યો કે જેનો ઓફિસીયલ ડયુટીમાં સમાવેસ થતો નથી તેમ છતા આરોપીઓ દ્રારા કાયદો હાથમાં લઇ સંવિધાન વિરૂધ્ધનો ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. ત્યાર બાદ તા.૦૪/૧૦/૨૦૨૨ ના બનાવ બાબતે ઐયુબમીયા રસુલમીયા મલેક દ્રારા તા.૦૪/૧૦/૨૦૨૨ના રોજ રજી.પો.એડી થી ડી.એસ.પી નડીયાદ, ડી.વાય.એસ.પી નડીયાદ, પી.એસ.આઈ માતર, તથા ગૃહ મંત્રી શ્રી હર્ષ સંઘવી ગાંધીનગરનાઓને લેખીતમાં અરજી આપેલ હોવા છતા આજ દીન સુધી અરજી ઉપર પુર્વ આયોજીત કાવતરાના ભાગ રૂપે કોઇ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ નથી જેથી આ તમામ આરોપીઓ સામે અમો ફરીયાદીની કાયદેસરની ફરિયાદ છે અને હાલની ફરીયાદને એફ.આઈ.આર તરીકે

નોંધવા અરજી છે.

ફરીયાદી આપ નામદાર કોર્ટને નમ્ર અરજ કરી જણાવીએ છીએ કે, (અ) ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૦ મુજબ અમો ફરીયાદી તથા સાક્ષીઓને એકઝામીન કરી જરૂર જણાય તો ૨૦૨,ની ઈન્કાવચરી કરી અને ૨૦૪,માં પ્રોશેસ ઈસ્યુ કરી આગળની કાર્યવાહી કરવા ન્યાયના હિતમાં હુકમ કરવા મહે કરશોજી. (બ) બીજી નામદાર કોર્ટને વ્યાજબી અને યોગ્ય લાગે તે દાદ અપાવશોજી.

(૨) સદર કામે સામાવાળા તરફે આંક–૮ થી લેખીત અભિપ્રાય રજુ રાખવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના ફરીયાદીશ્રી ઐયુબ મીયાં મિસ્સાબમૌયા શેખ રહે.ઉઢેલા તા.માતર જી.ખેડાનાઓએ આપ સાહેબશ્રીની કોર્ટમાં આરોપીઓ (૧) ડી.એસ.પી.નડીયાદ, (૨) ડી.વાય.એસ.પી નડીયાદ, (૩) એચ.એમ.રબારી. પી.એસ.આઇ.માતર, (૪) એ.વી. પરમાર એલ.સી.બી. પી.આઇ, (૫) ડી.બી કુપાવત એલ.સી.બી. પી.આઇ, (૬) કનકસિંહ લક્ષ્મણસિંહ ડાભી, (૭) મહેશભાઇ રબારી, (૮) જયેશભાઇ રબારી, (૯) રૂતુરાજસિંહ ગોપલસિંહ પરમાર, (૧૦) અશ્વિન, (૧૧) વનરાજસિંહ ભગુભાઇ, (૧૨) અર્જુનસિંહ, (૧૩) વિષ્ણુભાઇ હરજીભાઇ રબારી, (૧૪) રાજુભાઇ રમેશભાઇ ડાભી. (૧૫) મહીપતસિંહ ભગવતસિંહ પરમાર, (૧૬) કેસરીસિંહ સોલંકી ધારાસભ્ય માતર, (૧૭) ઇન્દ્રવદન મણીભાઇ પટેલ, (૧૮) શૈલેષભાઈ છોટાભાઈ સોલંકી, (૧૯) દિલીપભાઇ ડાહ્યાભાઇ પટેલ, (૨૦) કીરીટભાઇ બારોટ રઢુ ગામના, (૨૧) પ્રકાશ ભાઇ ભોઇ, (૨૨) પ્રિતેશભાઇ ઉf પીન્ટલ વિરીટભાઇ પટેલ, (૨૩) દિલીપભાઇ ડાહ્યાભાઇ પટેલ, (૨૪) પુનમભાઇ ઉમેદભાઇ સીસોદીયાનાઓની વિરૂધ્ધમાં તા.૩/૧૦/૨૦૨૨ ના રોજ બનેલ બનાવ બાબતેની ફરીયાદ આપ નામદાર કોર્ટમાં આપતા આપ સાહેબશ્રીની કોર્ટ ઈન્કવારી નં–૨૬/૨૦૨૨ તા.:૧૮/૧૦/૨૨ ના રોજ સદર ઈન્કવાયરીની તપાસ થવા સારૂ

પોલીસ મહાનિરીક્ષકશ્રી અમદાવાદ વિભાગ અમદાવાદનાઓની તરફ તપાસ કરવા મોકલી આપેલ જેમાં આપશ્રીએ હુકમ કરેલ કે તેઓએ જાતે અગર પોતાના તાબાના પોલીસ અધિકારી મારફતે પોતાની દેખરેખ હેઠળ યોગ્ય તપાસ કરાવીને દિન–૬૦ તા.૧૨/૧૨/૨૦૨૨ સુધીમાં મોકલી આપવામાં જણાવેલ હોવાથી આપશ્રીની કોર્ટ ઈન્કવારી નં–૨૬/૨૦૨૨ ની તપાસ કરવા સારૂ પોલીસ મહા નિરીક્ષકશ્રી અમદાવાદની કચેરીએ મોકલી આપેલ ત્યારબાદ તેઓશ્રીએ સદર ઇન્કવાયરીની તપાસ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી આણંદની કચેરીએ મોકલી આપતાં તેઓશ્રીએ આપની કોર્ટ ઇન્કવાયરીની તપાસ અમોને સોપેલ છે. જે કોર્ટ ઈન્કવાયરી નં–૨૬/૨૦૨૨ અમોને તા.૦૩/૧૧/૨૦૨૨ ના રોજ મળેલ છે. અમોને આપ સાહેબની કોર્ટ ઇન્કવારી નં–૨૬/૨૦૨૨ ની તપાસમાં મળતાં અમોએ તા.૦૫/૧૧/૨૦૨૨ ના રોજ ફરીયાદીશ્રીએ આપેલ ફરીયાદમાં ઉઢેલા ગામે તા.૦૩/૧૦/૨૦૨૨ ના રોજ નવરાત્રી માં ગરબા ગાવા બાબતે હિન્દુ મુસ્લીમ વચ્ચે ઝઘડો થયેલ હોય જે બાબતે માતર પો.સ્ટે.માં ગુનો દાખલ થયેલ હોય તેમજ સદર ગુનાની તપાસ પો.ઈન્સ.શ્રી એસ.ઓ.જી.ખેડા–નડીયાદ નાઓ કરતાં હોવાથી આ ગુનાના કામે જરૂરી નકલો મેળવવા સારૂ યાદી પાડવવામાં આવેલ છે. ત્યારબાદ સદર ઈન્કવાયરીના અરજદાર/ફરીયાદીશ્રી ઐયુબમીયાં મિસ્સાબમીયા શેખ રહે ઉઢેલા તા.માતર જી.ખેડાનાઓનું નિવેદન લેવાનું હોવાથી તેઓને નિવેદન લખાવવા સમજ કરવા સારૂ તા.૧૦/૧૧/૨૨ ના રોજ માતર પો.સ્ટે.ના પી.એસ.ઓ. મહીલા હે.કો.જયશ્રીબેન લીલાભાઈ બ.નં–૧૭૫૮નાઓને ટેલિફોન વર્ધી લખાવી ફરીયાદીશ્રીને તા.૧૨/૧૧/૨૨ ના રોજ નિવેદન લખાવવા મોકલી આપવા જાણ કરેલ હતી. અમોએ જે ટેલિફોન વર્ધી લખાવેલ તે આધારે માતર પો.સ્ટે.થી ફરીયાદીશ્રી ઐયુબમીયાં મિસ્સાબમીયા| શેખ રહે. ઉંઢેલા તા.માતર જી.ખેડાનાઓને સમજ કરવા જતાં તેઓ હાજર ન મળી

આવતાં તેઓના ભાઈ ઈદ્રીશમીયાં મિસ્સાબમીયા શેખ રહે.ઉંઢેલા નાઓને સમજ કરી નિવેદન લીધેલ જેમાં તેઓને જણાવેલ કે લગ્ન પ્રસંગે ગયેલ હોય તા. ૧૪/૧૧/૨૨ ના રોજ નિવેદન લખાવવા હાજર રહેશે. તેમ જણાવેલ હતું પરંતુ તા. ૧૪/૧૧/૨૨ ના રોજ ફરીયાદીશ્રી નિવેદન લખાવવા હાજર રહેલા ન હતા. જેથી અમોએ તા.૧૫/૧૧/૨૨ ના રોજ માતર પો.સ્ટે.ના પી.એસ.ઓ.હે.કો.રવિન્દ્રભાઈ રાજેન્દ્રભાઈ બ.નં-૧૦૭૬ નાઓને ટેલિફોન વર્ધી લખાતી ફરીયાદીશ્રીને તા.૧૭/૧૧/૨૨ ના રોજ નિવેદન લખાવવા મોકલી આપવા જાણ કરેલ હતી. અમોએ જે ટેલિકોન વર્ધી લખાવેલ તે આધારે માતર પો.સ્ટે.થી ફરીયાદીશ્રી ઐયુબમીયાં મિસ્સાબમીયા શેખ રહે.ઉંઢેલા તા. માતર જી.ખેડા નાઓને સમજ કરવા જતાં તેઓ હાજર ન મળી આવતાં તેઓના ગામના સિકંદરમીયાં સૈદુમીયા સૈયદ રહે.ઉંઢેલા નાઓને સમજ કરી નિવેદન લીધેલ જેમાં તેઓને જણાવેલ કે તેઓ બહાર લગ્નમાં ગયેલ હોય જેઓને તા.૧૭/૧૧/૨૨ ના રોજ નિવેદન લખાવવા હાજર રહેવા જાણ કરીશ. તેમ જણાવેલ હતું, તેમજ છતાં તા.૧૭/૧૧/૨૨ ના રોજ ફરીયાદીશ્રી નિવેદન લખાવવા હાજર રહેલા નથી. આમ સદર ઈન્કવાયરીના અરજદાર/ફરીયાદીશ્રી ઐયુબમીયાં મિસ્સાબમીયા શેખ રહે. ઉંઢેલા તા.માતર જી.ખેડાનાઓને નિવેદન લખાવવા સારૂ જાણ કરવા છતાં તેઓ નિવેદન લખાવવા સારૂ હાજર રહેલા નથી તેમજ સદર ઈન્કવાયરીના કામે ગુનો દાખલ થયેલ હોઈ જે ગુનાની નકલો પણ આજદીન સુધી મળેલ ન હોય તેમજ ગુજરાત વિધાનસભા ચૂંટણી ૧૦૨૨ ની યોજાનાર હોઈ જે બાબતેનું જાહેરનામું તા.૦૪/૧૧/૨૨ થી આચારસહિતા જાહેર થયેલ હોવાથી અમો ગુજરાત વિધાનસબા ચૂંટણી ૨૦૨૨ની યોજાનાર હોવાથી ચૂંટણી અંગેની મીટીંગોમાં તેમજ ગામોની વિઝીટો તેમજ ક્રિટિકલ બુથોની વિઝીટો તેમજ ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ ના પ્રચાર માટે આવતાં રાજકીય

નેતાઓ તેમજ આગેવાનો આવતાં હોવાથી અમો વી.વી.આઇ.પી બંદોબસ્તોમાં રોકાયેલ રહેતા હોઈએ છીએ.

આ કામે આપ નામદાર કોર્ટમાં ૫.૧૦/૧૦/૨૨ના રોજ અરજદાર/ફરીયાદી શ્રી ઐયુબ મીયાં મિસ્સાબમીયા શેખ રહે ઉઢેલાનાઓએ આપેલ ફરીયાદની મુદત દિન-૬૦ની તા.૧૨/૧૨/૨૨ નામદાર કોર્ટ આપેલ છે. મઋતુ હાલમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી શોકતનાર હોઇ તેમજ હાલમાં ચૂંટણી અંગેના પ્રચાર માટે રાજકીય નેતાઓ તેમજ આગેવાનો પધારતા હોઈ જેથી વી.વી. ખાઈ.પી બંદોબસ્ત તથા તા.૦૧/૧૧/૨૨ તથા તા.૦૫/૧૧/૨૨ ના રોજ વિધાનસભાનું મતદાન થનાર છે. તેમજ તા.૦૮/૧૧/૨૨ ના રોજ ચૂંટણીનું પરીણામ હોવાથી અમો સતત બદોબસ્તમાં રોકાઈ રહેવાના કારણે તેમજ સુંદર ઇન્કવાયરીના અરજદાર/ફરીયાદી શ્રી ઐયુબમીયાં મિસ્સાબમીયા શેખ રહે. ઉંઢેલાનાઓ નિવેદન લખાવવા આવેલ ન હોઈ તેમજ ઇન્કવાયરીના કામે સાથ સહકાર આપતાં નથી. આ ઇન્કવારીની તપાસમાં કરવાની બાકી રહેતી હોવાથી તપાસ કરવા સારૂ વધુ દિન-૬૦ ની મંજૂરી આપવા વિનંતી છે. જે આપ સાહેબશ્રીને વિદિત થાય.

(૩) સદર કામે ઉપરોકત આંક-૮ વાળો અભિપ્રાય રજુ થતાં ફરીયાદી તરફે આંક-૨૨ થી લેખીત વાંધા રજુ રાખવામાં આવે છે જેમાં તેઓએ આંક-૮ વાળા અભિપ્રાય ઓછામાં ઓછા આરોપીઓ સામે ગુન્હો દાખલ થાય તેવો પ્રયત્ન કરવામાં આવેલ છે. વધુમાં લેખીત વાંધા રજુ રાખી જણાવેલ છે કે, ફરીયાદી આપ ના.કોર્ટને ન્રમ અરજ કરી જણાવીએ છીએ કે, **(એ)** આ કામે તપાસનીશ અધિકારી દ્રારા કુલ ૧૧ વીકટીમ પૈકી માત્ર ચાર વીકટીમના નિવેદન નોંધવામા આવેલ છે.જયારે (૧) સહેજાદમીયા સોકતમીયા (૨) મોહંમદ મોઇન ઇદ્રિશમીયા મલેક (૩) શકીલમીયા જંહાગીરમીયા શેખ (૪) મહંમદશરીફ ઉર્ફે રાજુ કાલુમીયા

મલેક (૫)આરીફમીયા સુબામીયા (૬) સાકીરમીયા ઉર્ફે સાદીકમીયા સજજાદમીયા મલેક (૭) મકસુદાબાનુ સોક્તમીયાના ઈરાદા પુર્વક નિવેદનો નોંધવામા આવેલ નથી,જે ઓના નિવેદન આપ ના.કોર્ટ દ્રારા લેવામા આવે તેવી ન્નમ વિંનતી છે. **(બી)** આ કામે તપાસનીશ અધિકારી દ્રારા (૧)જહીરમીયા રહેમુમીયા મલેક (૨)સાહીદરજા સાબીરોદીન મલેક (૩)લતીફમીયા જહીરમીયા તથા (૪) સદામહુશેન સીદીકમીયા મલેક નાઓના નિવેદન ઉપરથી પ્રથમ દ્રષ્ટીએ ઈ.પી.કો કલમ–૩૬૪, ૩૬૮, ૩૪૨, ૩૨૩, ૧૨૦–બી, ૩૪ મુજબનો ગુનો બનતો હોઈ જેથી તમામ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો કલમ–૩૬૪, ૩૬૮, ૩૪૨, ૩૨૩, ૧૨૦–બી, ૩૪ તથા ૫૦૬(૨),૨૦૧મુજબ કોગ્નીજન્સ લેવા હુકમ કરવા મહેરબાની કરશોજી. **(સી)** આ કામે તપાસનીશ અધિકારી દ્રારા સદામહુશેન સીદીકમીયા મલેકનું નિવેદન નોંધવામા આવેલ છે.જે વંચાણે લેતા સ્પષ્ટ પણે તેઓ દ્રારા આરોપી બાજપાઈ દ્રારા કાન ઉપર ચાર લાફા મારવાનો જણાવેલ છે.તેમજ તેઓની મેડીકલ સર્ટિફીકેટ ઉપરથી ગાલ ઉપર તથા કાનમા દુખાવો છે.તેવુ સ્પષ્ટ પણે ફલીત થાય છે તેમજ માતર પી.એસ.આઈ એચ.એમ.રબારી દ્રારા લાતો મારવામા આવેલ છે તેવુ જણાવે છે.તેમ છતા તપાસનીશ અધિકારી દ્રારા આ બન્ને અધિકારીઓને બચાવવાનો પ્રયત્ન કરવામા આવેલ છે.જેથી આરોપી બાજપાઈ તથા પી.એસ.આઈ એચ.એમ.રબારી સામે પણ કોગ્નીજન્સ લેવા હુકમ કરવા મહેરબાની કરશોજી. **(ડી)** આ કામે તપાસનીશ અધિકારી દ્રારા ૯૧–મુજબની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ હોવા છતા તેમજ નામદાર કોર્ટનો હુકમ ૯૧–મુજબની અરજીમાં હોવા છતા પણ તમામ આરોપીઓ પાસેથી તેઓના મોબાઈલ કબજે લેવામા આવેલ નથી,કે મહત્વનો પુરાવો આ કામે છે.આમ તપાસનીશ અધિકારીએ આરોપીઓને બચાવવા તેમજ આરોપીઓને મદદગારી કરેલ હોઈ તેમજ મહત્વ ઈલેક્ટ્રોનીક પુરાવો સગે–વગે કરવામા મદદગારી કરેલ હોઇ પુરાવો નાશ કરવા માટે

ઈ.પી.કો કલમ–૨૦૧મુજબનો ઉમેરો કરવા તથા તપાસનીશ અધિકારીએ ઈરાદા પુર્વક મહત્વના ઈલેક્ટ્રોનીક પુરાવો કબજેના લઈ આરોપીઓની પુરાવા નાશ કરવામા મદદગારી કરેલ હોઈ તપાસનીશ અધિકારીને ઈ.પી.કો કલમ–૧૧૪ તેમજ ઈ.પી.કો કલમ–૧૨૦બી,૩૪,મુજબ આરોપી તરીકે સદર કામે લેવા હુકમ કરવા મહેરબાની કરશોજી. **(ઈ)** આ કામે તપાસનીશ અધિકારી દ્વારા આરોપીઓની ઓળખ પરેડ કરાવવી જરૂરી હોવા છતા વીકટીમ પાસે આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરવામા આવેલ નથી જે ઓળખ પરેડ યોજવા ન્યાયના હિતમાં હુકમ કરવા મહેરબાની કરશોજી.

(૪) સદર અરજી તથા કામનું રેકર્ડ વંચાણે લીધુ. ફરીયાદીની આંક–૦૧ વાળી અરજી વંચાણે લીધી. અરજદાર તરફે તેઓના આંક–૨૨ ના લેખીત વાંધા તથા આંક–૨૪ ની લેખીત દલીલો વંચાણે લીધી.

સદર કેસના કામે રેકર્ડ જોતાં જણાય આવે છે કે આ કામના ફરીયાદી એટલે કે હાલનાં અરજદારે હાલના બનાવ બાબતે કોઈપણ પો.સ્ટે.માં કે ડી.એસ.પી. કચેરીમાં કે ઉપરનાં એટલે કે આઈ.જી. કચેરીમાં કે પોલીસ વડા ગુજરાત રાજય નાઓને ફરીયાદ કરેલ નથી અને સીધા અત્રેની કોર્ટમાં ખાનગી ફરીયાદ કરેલ છે. હાલના અરજદારે કયાં કારણસર પોલીસમાં બનાવ ની ફરીયાદ કરેલ નથી તે જણાવેલ નથી. સદર કેસના કામે આંક–૧૦ વાળો પોલીસ રીપોર્ટ જોતાં તપાસ કરનાર અધિકારીશ્રીએ સામાવાળાઓ પૈકી છ વ્યકિતઓ વિરુઘ્ધ બનાવ બનેલ હોવાની હકીકત જણાવેલ છે. જયારે સદર કેસના કામે અરજદારે આંક–૨૩/૧ થી સદર બનાવના સંલગ્ન નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જહીરમીયા રહેમુમીયા મલેક વિરુઘ્ધ ગુજરાત રાજય (R/MCA/1067/2022)નું ચુકાદો રજુ રાખેલ છે જે કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૧૯/૧૦/૨૩ ના રોજ આ

સામાવાળાઓ પૈકી ચાર સામાવાળાઓ વિરુઘ્ઘ કન્ટેમ્પ્ટની નોઘ લીઘેલ છે અને સજા પણ કરેલ છે. જેથી સદર કેસના કામે તપાસ કરનાર અઘિકારીએ હાલના તબકકે તપાસ સારી રીતે કરેલ ન હોય તેવું માની શકાય નહી કારણ કે કન્ટેમ્પ્ટ કેસના કામે ભોગ બનનારનાઓએ ચાર વ્યકિતઓને ઓળખી બતાવેલ છ જયારે સદર કેસના કામે પોલીસ તપાસમાં અઘિકારીશ્રીએ છ વ્યકિત ઘ્વારા ગુનો કરેલ હોવાની હકીકત જણાવેલ છે. સદર કેસનાં કામે ગુનાનો કોગ્નીજન્સ લેવામાં આવે છે અને બીજા વ્યકિતઓ સદર કેસના કામે બનાવમાં સડોવાયેલ હતા કે કેમ ? અને સદર કેસના કામે ઈ.પી.કો. કલમ–૩૨૩, ૧૬૬ સીવાય બીજી કોઈ કલમ મુજબ બનાવ બનેલ છે કે કેમ તે તપાસનો વિષય છે જે હાલનાં તબકકે પુરાવો લીઘા સીવાય જાણી શકાય તેમ નથી. વઘુમાં નામદાર સુપ્રિમ કોર્ટે પણ સોનુ ગુપ્તા વિરુઘ્ઘ દીપક ગુપ્તા (૨૦૧૫) ૩ એસ.સી.સી. ૪૨૪ નાં કામે જણાવેલ છે કે, " It is also well settled that cognizance is taken of the offence and not the offender. Hence at the stage of framing of charge an individual accused may seek discharge, If he or she can show that the material are absolutely insufficient for framing of charge against that particular accused. But such exercise is required only at a later stage, as indicated above and not at the stage of taking cognizance and summoning the accused on the basis of prima facie case"

જેથી ત.ક.અમલદારશ્રીની હાલની રીપોર્ટ મુજબ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં મહે.સી.જે.એમ.શ્રી

ખેડા(નડીઆદ) નાઓનો રીપોર્ટના આધારે દોષીત ઠરાવેલ વ્યકિતઓ દ્વારા અરજદારની ફરીયાદમાં જણાવેલ મુજબનો ગુનો અંશત: બનેલ હોવાની હકીકત જણાય આવતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

– હાલની કોર્ટ ઈન્કવાયરીને ક્રિમીનલ કેસ નંબર પાડવાનો હુકમ કરવામાં આવે છે અને નં.(૧) એ.વી.પરમાર, એલ.સી.બી, પી.આઈ., (ર) ડી.બી.કુબાવત, એલ.સી.બી., પી.આઈ, (૩) કનકસીહ લક્ષ્મણસીહ ડાભી, આર્મ્ડ હે.કો., (૪) અર્જુનસીહ ફતેસીહ આર્મ્ડ કોન્સ્ટેબલ, (પ) આર્મ પો.કો. રાજેન્દ્રસીહ રમેશભાઈ, (૬) અનાર્મ્ડ હે.કો. મહેશભાઈ વશરામભાઈ, તથા (૭) અનાર્મ્ડ હે.કો. વિષ્ણુભાઈ હરજીભાઈ, તમામ રહે. મારફત જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરી, ખેડા–નડીઆદ નાઓ વિરુધ્ધ ઈપીકો કલમ–૩ર૩, ૧૬૬ મુજબનો તા.૩૦/૦પ/ર૦ર૬ ના રોજનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦ર જી, માહે–મે, સને ર૦ર૬ નાં રોજ વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૦ર/૦પ/ર૦ર૬**
**સ્થળ : માતર**

**(નરેન્દ્રકુમાર )**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**જજ કોડ નં. જીજે ૧૪૪૦**